GJSK190012722022

| | | |
|---|---|---|
| Received on dt. | : | 09/11/2022 |
| Registered on dt. | : | 09/11/2022 |
| Decided on dt. | : | 12 /11/2022 |
| Duration | : | D. M. Y.<br>03 00 00 |

**પોશીનાના મે.જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ (શ્રી એસ.એસ.બ્રહમભટ્ટ ) ની અદાલત સમક્ષ,મુકામ – પોશીના.**

ફોજદારી કેસ નં.૧૨૩૮/૨૦૨૨

આંક : ૦૫

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂઘ્ધ

આરોપી : સમીરભાઈ હરીશભાઈ ઘાંગી ઉ.વ. ૨૮
રહે. ગણવા (ઘાંટી ફળો)
તા. પોશીના જી. સાબરકાંઠા

ગુનો : **ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા**
**એમ.વી.એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબ..**

**–: ઠરાવ :–**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, આ કામના આરોપીએ તા.૦૮/૧૧/૨૦૨૨ ના રોજ કલાક ૧૩–૧૫ વાગે મોજે પોશીના પોલીસ સ્ટેશન આગળ રોડ ઉપર પોતાના કબ્જાની મહિન્દ્રા કમાન્ડર જીપ ગાડી નંબર: જી.જે.–૦૨– કે– ૧૨૬૩ ની પુરઝડપે અને ગફલતભરી રીતે બેફિકરાઈથી હંકારી લાવી મળી આવી પકડાઈ જઈ, ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી. એકટની કલમ– ૧૭૭, ૧૮૪ મુજબનો ગુનો કરેલ છે તે મતલબની ફરીયાદ નોંધાયેલ છે.

(૨) આરોપી કોર્ટ સમક્ષ હાજર થતાં તેમને પોલીસ પેપર્સની નકલો પુરી પાડયાની ખાત્રી કર્યા બાદ આરોપીનું ગુના સંબંધી આંક–૦૩ થી નિવેદન લેતાં આરોપીએ તેની સામેના ગુન્હાની સ્વૈચ્છિક કબુલાત કરેલ છે અને ગુના–કબુલાત પુરસીસ આંક–૦૪ થી આપેલ છે અને જણાવેલ છે કે, તેઓનો આ પ્રથમ ગુન્હો છે. ગરીબ માણસ છે. કુટુંબમાં બીજુ કોઈ કમાનાર નથી તેમ જણાવી દયા કરવા અરજ કરેલ છે.

(૩) ઉપર મુજબ આરોપીએ ગુના–કબુલાત પુરસીસ રજુ કરેલ હોઈ તેઓની પ્લી રેકર્ડ કરતાં તેઓએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે. જેથી સબબ આરોપીને ઈ.પી.કો. કલમ–૨૭૯ મુજબના ગુનાના કામે તકસીરવાન ઠરાવવામાં આવે છે અને નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

આ કામના આરોપી સમીરભાઈ હરીશભાઈ ધાંગી રહે. ગણવા ( ધાંટી ફળો) તા. પોશીના જી. સાબરકાંઠા જી. સાબરકાંઠાનાઓને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે ઈ.પી.કો. કલમ–૨૭૯ તથા એમ.વી. એકટની કલમ–૧૭૭, ૧૮૪ મુજબના શિક્ષાપાત્ર ગુના સબબ તકસીરવાન ઠરાવી **રૂા.૨૦૦/– (અંકે રૂપિયા બસો પુરા) નો દંડ** કરવામાં આવે છે. જો આરોપી દંડ ભરવામાં કસુર કરે તો દિન–૫ (પાંચ) ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

ક્રિ. પ્રો. કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપીના જામીન છ માસ માટે અમલમાં રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૧૨ મી, માહે : નવેમ્બર, સને : ૨૦૨૨ નાં રોજ ખુલ્લી અદાલતમાં લોક અદાલત (સ્પેશયલ સીટીંગ)માં વાંચી, સંભળાવી, જાહેર કરવામાં આવ્યો.

સ્થળ : પોશીના, જી. સાબરકાંઠા.
તારીખ : ૧૨ / ૧૧ / ૨૦૨૨.

**( સંજય શાંતીલાલ બ્રહમભટ્ટ )**
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
મુ. પોશીના, જી. સાબરકાંઠા.
જજ કોડ – જીજે૦૦૪૯૨